**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૫.૦° સે. | ૨૦.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૧૮.૦° સે. |
| વલસાડ | ૩૩.૦° સે. | ૧૮.૦° સે. |
| વાપી | ૩૩.૦° સે. | ૧૮.૦° સે. |

## દરિયા કિનારે મૃત દરિયાઈ જીવો મળ્યા





વલસાડ : વલસાડના સુરવાડા ગામે દરિયાઈ કિનારે આજુબાજુના રહીશો મોર્નિંગ વોક નીકળ્યા હતા તે સમયે દરિયા કિનારે મૃત દરિયાઈ જીવો તણાઈ આવતા નજરે ચડતા ચર્ચાનો વિષય બન્યો હતો. આ અંગેની જાણ પહેરી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ સંકેત દેસાઈને થતાં ઘટના સ્થળે પહોંચી નિરીક્ષણ કરતા એક ડોલ્ફિનનું હાડપિંજર તથા મૃત દરિયાઈ માલાબાર સ્નેક જોવા મળી આવ્યો હતો. ઉપરોક્ત બંને દરિયા જીવો રક્ષિત શ્રેણીમાં આવી જાય છે. ડોલ્ફિન વહેલ દરિયાઈ કાચબા તથા સાપ વિગેરે વન્ય જીવધારા હેઠળ સુરક્ષિત કરવામાં આવેલી છે. વલસાડના દરિયા કિનારે મૃત અથવા જીવિત અવસ્થામાં મળી આવતા દરિયાઈ જીવોની જવાબદારી વન વિભાગની રહે છે. તિથલ દરિયા કિનારે મૃત અથવા જીવિત દરિયાઈ જીવો સહેલાણીઓ માટે ઘાતક પુરવાર થઈ શકે છે.

# વલસાડના સાંસ્કૃતિક ભવનના પાર્કિંગમાં ભીષણ આગ ભભૂકી

**પાવર** હાઉસ સામે આવેલા નર્મદા સાંસ્કૃતિક ભવનમાં આગ લાગતા લગ્ન પ્રસંગમાં આવેલા મહેમાનોમાં નાસભાગ મચી

**આગે** જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતા ધુમાડાના ગોટા આકાશમાં ઉડતા દેખાયા



વલસાડ : વલસાડ શહેરના પાવર હાઉસ સામે આવેલા નર્મદા સાંસ્કૃતિક ભવનમાં આજે એક મોટી દુર્ઘટના ટળી હતી. ભવનના પાર્કિંગ વિસ્તારમાં અચાનક આગ ફાટી નીકળતા લગ્ન પ્રસંગમાં આવેલા મહેમાનોમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. સદનસીબે, ફાયર બ્રિગેડની ત્વરિત કામગીરીને લઈ કોઈ જાનહાનિ થઈ નથી.

વલસાડ પાવર હાઉસની સામે આવેલા નર્મદા સાંસ્કૃતિક ભવનમાં લગ્ન સમારોહ ચાલી રહ્યો હતો. આ દરમિયાન પાર્કિંગ એરિયામાં રાખવામાં આવેલા ACની કોપર પાઈપ પર ચઢાવવામાં આવતી પ્લાસ્ટિક/રબરની સ્લીવના જથ્થામાં અચાનક આગ લાગી હતી. જ્વલનશીલ મટીરિયલ હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને ધુમાડાના ગોટા આકાશમાં ઉડતા દેખાયા હતાં. આગ લાગતા જ લગ્ન હોલમાં હાજર તમામ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢી લેવામાં આવ્યા હતાં. ઘટનાની જાણ થતાં જ વલસાડ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ગણતરીની મિનિટોમાં જ આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ અકસ્માતમાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ નથી.

## વાપી ડુંગરી ફળિયા મહાવીર નગરમાં કચરામાં આગ લાગી

વાપી નજીકના ડુંગરી ફળિયા મહાવીર નગરમાં આવેલા રહેણાંક વિસ્તાર નજીકમાં એકઠા કરાયેલા કચરામાં બપોરના સમયે અચાનક આગ લાગી હતી. ધૂમાડાના ગોટેગોટા ઉડ્યા હતા અને નજીકમાં રહેનારાઓના જીવ તાળવે ચોંટી ગયા હતાં. આગના બનાવ અંગેની જાણ તરત જ ફાયર વિભાગને કરતા વાપી જીઆઈડીસી નોટીફાઈડની ફાયર ટીમ પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવી લીધો હતો.

# નવસારીમાં યુવકની હત્યા કરનાર પિતા-પુત્ર ઝડપાયા

**જૂની** અદાવત જીવલેણ બની, એલસીબીએ ગણતરીના સમયમાં સાલેજ ગામેથી બંને આરોપીને ઝડપી પાડ્યા



નવસારી : નવસારી શહેરના દશેરા ટેકરી વિસ્તારમાં જૂના વિવાદનું સમાધાન કરવા ગયેલા યુવકની હત્યાના બનાવમાં લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી કાર્યવાહી કરીને મુખ્ય આરોપી પિતા-પુત્રને કાયદાની પકડમાં લઈ લીધા છે. ઘટનાના પગલે વિસ્તારમાં ચકચાર ફેલાઈ હતી.

પોલીસ તપાસ મુજબ, તા. 20 ફેબ્રુઆરી, 2026ના રોજ ચેતન ઉર્ફે ચિન્ટુ જીવણભાઈ રાઠોડ પોતાના મિત્ર સાથે અગાઉથી ચાલતા મતભેદનો અંત લાવવા આરોપી રાહુલ હેમંતભાઈ રાઠોડ અને તેના પિતા હેમંતભાઈ નારાયણભાઈ રાઠોડ સાથે ચર્ચા કરવા દશેરા ટેકરી વિસ્તારમાં ગયો હતો. બંને પક્ષો વચ્ચે અગાઉથી અણબનાવ અને બોલાચાલી ચાલી રહી હતી. દશેરા ટેકરી નજીક સાઈબાબા મંદિર અને બાલાપીર દરગાહ પાસે મળેલી બેઠક દરમિયાન વાતચીત ઉગ્ર બની હતી. આ દરમિયાન આરોપીઓએ ચેતન પર તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો.

ગંભીર ઈજાઓને કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બનાવ બાદ ફરિયાદીને પણ જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નવસારી પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એલસીબી અને ટાઉન પોલીસની ટીમોએ તપાસ શરૂ કરી હતી. ઘટનાસ્થળના CCTV ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને માનવ સૂત્રોના આધારે આરોપીઓના ઠેકાણાની માહિતી મળી હતી.

તપાસ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે ગણદેવી તાલુકાના સાલેજ ગામની એક વાડીમાં દરોડો પાડી બંને આરોપીઓને ઝડપી પાડ્યા હતા. હાલ પોલીસે બંને આરોપીઓને વધુ કાયદેસરની કાર્યવાહી માટે નવસારી ટાઉન પોલીસને સોંપ્યા છે.

## ડાંગ જિલ્લાનાં શામગહાન રેંજના ચીરાપાડામાં દીપડો પાંજરે પુરાયો




સાપુતારા : આહવા તાલુકાના ચીરાપાડા ગામ ખાતે ગોઠવવામાં આવેલા પાંજરામાં દીપડો ઝડપાઈ જતા સ્થાનિકોએ હાશકારો અનુભવ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, આ દીપડાએ છેલ્લા ઘણા સમયથી ચીરાપાડા, ભૂરાપાણી, શામગહાન અને બારીપાડા જેવા ગામોમાં પોતાનો અડિંગો જમાવ્યો હતો. દીપડો માત્ર રાત્રે જ નહીં, પરંતુ ધોળા દિવસે પણ મરઘાઓ અને નાના પશુઓ પર હુમલો કરતો હતો. વન્ય પશુના આ વધતા આતંકને કારણે ગ્રામજનોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ગ્રામજનોની સુરક્ષાને ધ્યાને રાખી, દક્ષિણ ડાંગ વન વિભાગના ડી.સી.એફ. નિરજકુમારના સીધા માર્ગદર્શન હેઠળ એક વિશેષ ટીમ બનાવવામાં આવી હતી. જેમાં શામગહાન રેંજના આર.એફ.ઓ. ચિરાગભાઈ માછી, ફોરેસ્ટર મહેશભાઈ ભોયે, બીટગાર્ડ રવિરાજસિંહ જાડેજા અને મયુરસિંહ ચંપાવતની ટીમે વ્યૂહાત્મક રીતે ચીરાપાડા ગામના સીમ વિસ્તારમાં પાંજરા ગોઠવ્યા હતા. ગતરોજ રાત્રે શિકારની શોધમાં નીકળેલો દીપડો લલચાઈને પાંજરામાં પ્રવેશતા જ કેદ થઈ ગયો હતો. દીપડો પાંજરે પુરાયાના સમાચાર વાયુવેગે પ્રસરતા આસપાસના ગામના લોકો ઉમટી પડ્યા હતા. વન વિભાગની સતર્કતા અને સમયસરની કામગીરીને કારણે મોટી જાનહાનિ ટળી છે, જે બદલ ગ્રામજનોએ વન વિભાગની ટીમનો આભાર માન્યો હતો. પકડાયેલા દીપડાને હવે સુરક્ષિત સ્થળે ખસેડવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ધરમપુર-વાંસદાનો કરંજવેરીનો પુલ શરૂ કરાયો

**બોર્ડના** પરીક્ષાર્થીઓ અને વાહનચાલકોમાં ખુશી, સાંસદ સહિત ધારાસભ્યોની રજૂઆતો રંગ લાવી

વલસાડ : ધો.10 અને 12ની બોર્ડ પરીક્ષાઓ અગાઉ સાંસદ ધવલ પટેલના પ્રયાસો થકી બંધ રહેલો કરંજવેરી પુલ વાહન વ્યવહાર માટે ફરી શરૂ કરાયો છે. જેના પગલે વિદ્યાર્થીઓની હાલાકીનો અંત આવ્યો છે. ગત વર્ષે ચોમાસામાં રસ્તાઓની બિસ્માર હાલત અને સલામતીના કારણોસર પુલો બંધ કરાયા હતા. આના પરિણામે ધરમપુર, વાંસદા અને ખેરગામના લોકોએ લાંબો ફેરો કરવો પડતો હતો. અને સમય અને ઈંધણનો વ્યય થતો હતો. આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને સાંસદ ધવલ પટેલે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્યો અરવિંદ પટેલ, જીતુભાઈ ચૌધરી, ભરત પટેલ સાથે મળીને રજૂઆતો કરી હતી. તંત્ર અને હાઈવે ઓથોરિટી સાથે પરામર્શ કરીને પુલને રિપેર કરવા દબાણ કર્યું હતું જેના ફળ સ્વરૂપ પુલ ફરી શરૂ કરાયો છે.

સાંસદ ધવલ પટેલે જણાવ્યું હતું કે, NH-56 ના રિપેરિંગનું કામ ચાલી રહ્યું છે. કરંજવેરીનો પુલ ખુલ્લો થવાથી હવે રાહદારીઓ અને વાહનચાલકોને લાંબો ચકરાવો લેવો નહીં પડે. બોર્ડ પરીક્ષાઓના વિદ્યાર્થીઓને પણ 15થી 20 કી.મી.નો ચકરાવો મારવો પડશે નહીં.

## છીરીમાં મહિલાની ચેઈન ચોરાઈ

વાપી : ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી નજીકના છરવાડા ખોડિયારનગરમાં રહેતા સવિતાબેન શ્રીનાથ સિંગ (ઉં.54) પતિ સાથે રાત્રે છીરી શાકભાજી બજારમાં ખરીદી માટે ગયા હતા અને ઘરે પરત ફર્યા ત્યારે ગળામાં પહેરેલી સોનાની ચેઈન (કિંમત આશરે 35 હજાર) ચોરી થઈ ગઈ હતી. તેઓ ફરીથી શાકભાજી બજારમાં જઈ શોધખોળ હાથ ધરી હતી પરંતુ કોઈ પત્તો મળ્યો ન હતો. આ બનાવ અંગેની ફરિયાદ ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.




## ડાંગ દરબારની તૈયારી, જિલ્લાના માર્ગોની કાયાપલટ

**રસ્તાની** બંને બાજુએ ઉગી નીકળેલા ઝાડી-ઝાંખરાને દુર કરાયા

સાપુતારા : 'ડાંગ દરબાર'ને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે જિલ્લા વહીવટી તંત્ર અને માર્ગ-મકાન વિભાગે પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાને રાખીને જિલ્લાના મુખ્ય માર્ગોને 'ચકાચક' કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. વઘઇથી સાપુતારા અને વઘઇથી આહવા, ચીંચલી તથા સુબીર તરફ જતા રાજ્ય ધોરીમાર્ગો પર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ચોમાસા બાદ રસ્તાની બંને બાજુએ ઉગી નીકળેલા ઝાડી-ઝાંખરાઓને કારણે વાહનચાલકોને વળાંક પર સામેથી આવતા વાહનો જોવામાં મુશ્કેલી પડતી હતી. આ સમસ્યાના નિરાકરણ માટે જેસીબી અને મજૂરોની મદદથી માર્ગોને ખુલ્લા કરવામાં આવી રહ્યા છે, કાર્યપાલક ઈજનેર કેતનભાઈએ જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લાને જોડતા માર્ગો પર સલામતી વધારવી એ અમારી પ્રાથમિકતા છે. જોખમી વળાંકો અને ઢોળાવ પર જૂના ક્રેશ બેરિયરનું મરામત કરવામાં આવ્યું છે અને જ્યાં જરૂર જણાય ત્યાં નવા બેરિયર બેસાડવામાં આવ્યા છે.

## પ્રેમ પ્રકરણની અદાવતમાં એસઆરડી જવાનને ફટકારાયો

વલસાડ : વલસાડ સિટી પોલીસ મથકે સાગર રક્ષક દળ (એસઆરડી) તરીકે ફરજ બજાવતા એક જવાનને તેના જૂના પ્રેમ પ્રકરણના મુદ્દે ગતરોજ ખડકી ભાગડા મેદાન પાસે કેટલાક યુવાનોએ આંતરી માર મારતાં મામલો ગરમાયો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત મુજબ, વલસાડ સિટી પોલીસ મથકે એસઆરડી તરીકે ફરજ બજાવતો હિરેનભાઈ કનુભાઈ પટેલ (ઉં.23) ગતરોજ તેના મિત્ર રાજ સાથે રાજની બહેનને ત્યાં જમવા ગયો હતો. ત્યારે ખડકી ભાગડા પાસે તેને વિશાલ જીતુભાઈ રાઠોડ અને તેના મિત્રો ડીલર અને હિમેશે પકડી કેમ ભાઈ બને છે કહી માર માર્યો હતો. આ મારામારી હીરેનના અગાઉના પ્રેમ પ્રકરણની અદાવતમાં થઈ હોવાનું હીરેને પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે. ત્યારે પોલીસે તેની ફરિયાદ લઈ વિશાલ, ડીલર અને હિમેશ વિરૂદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## ચીખલીના ચાર ગામોમાંથી ૩.૩૪ લાખના વાયરોની ચોરી

ઘેજ : ચીખલીના ચાર ગામોમાંથી તસ્કરો ખેતીવાડી લાઈનના ૩.૩૪ લાખના વાયરોની ચોરી કરી ગયા હતા. ટાંકલ સબ ડિવિઝન હેઠળ આવતા વાંઝણા, ચાસા અને ઉઢવણ સહિતના ગામોમાં તસ્કરોએ ખેતીવાડીની વીજ લાઈનને નિશાન બનાવી ખેતરોમાંથી પસાર થતી આઠ કલાકની વીજ લાઈનના અંદાજે ૮,૧૬૦ મીટર જેટલી લંબાઈના એલ્યુમિનિયમના વીજ વાયરોની અજાણ્યા ઈસમો દ્વારા ખેતરોમાં જઈ વાયરો કાપી લઈ ગયા હતા. સમગ્ર મામલે નાયબ ઈજનેર મુકેશ પટેલે ચીખલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પીએસઆઈ બી.સી.ગઢવી કરી રહ્યા છે. હાલ ખેતીની સિઝન હોવાથી વીજળીના અભાવે ખેડૂતોને પાકને પાણી પાવામાં ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. વીજ પુરવઠો બંધ થઈ જવાથી ખેતીકામમાં વિલંબ થઈ રહ્યો છે.

# તંત્રએ રોડ પર જ કપચી પાથરતા બાઈકચાલકો પટકાયા

**જોગવેલ** નજીક માર્ગ વચ્ચે કપચીનું કાચુ મટીરિયલ પથરાતા સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો

**તંત્રની** બેદરકારી કે બીજા કોઈની એ તપાસનો વિષય



વલસાડ : નેશનલ હાઈવે 848 તરીકે ઓળખાતા નાનાપોંઢા કપરાડા માર્ગ ઉપર જોગવેલ નાશિક મુખ્ય રસ્તા સોટીના ટેકરી પાસે તંત્ર દ્વારા માર્ગ ઉપર જ ટોપરમાં કાચો માલ પાથરીને ખુલ્લો મૂકી દેતા સંખ્યાબંધ બાઈકચાલકો સ્લીપ થવાની ઘટના સોશિયલ મીડિયામાં ચર્ચાનો વિષય બન્યો છે. જોકે જોગવેલના સ્થાનિકોએ શ્રમદાન થકી કપચીને દૂર કરી હતી. વાયરલ વિડીયોમાં ખુલ્લામાં કાચો માલ પાથરી લોકોના જીવ જોખમે મુક્યો હતો તેના જવાબદાર કોણ? કાચા માલના લીધે 7 થી 8 બાઈકવાળા સ્લીપ ખાતા ગ્રામજનોએ માર્ગ વચ્ચેનું મટીરિયલ ખસેડી રસ્તો સાફ કર્યો હતો. ઘટનાને લઈ સોશિયલ મીડિયામાં તંત્ર શું અકસ્માતની રાહ જોઈ બેઠી છે? સાથે સ્થાનિક રાજકીય પદાધિકારીઓ ઉપર પણ કટાક્ષ કર્યા હતાં.

સૂત્રોના જણાવ્યા મુજબ, ટ્રાફિક સમસ્યા દૂર કરવા એક તરફ શહેરોમાં કરોડોના ખર્ચે ઓવરબ્રિજ બની રહ્યા છે. તો બીજી તરફ ગુજરાત મહારાષ્ટ્રને જોડતા પારડી કપરાડા માર્ગને ફોર ટ્રેક બનાવવાની વાતો વચ્ચે બિસ્માર માર્ગને પેચઅપ કરી તંત્ર સંતોષ માની રહ્યું છે. હજી બે દિવસ અગાઉ કુંભઘાટમાં થયેલા અકસ્માતમાં 7 લોકોના મોત થયા હતાં. છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર આયોજન થયું નથી તેવું પ્રતિત થાય છે. ત્યારે જોગવેલ નાશિક મુખ્ય રસ્તા સોટીના ટેકરી પાસે માર્ગ મકાન વિભાગ દ્વારા કાચો માલ પાથરી ખુલ્લો મૂકી દેતા બાઈકચાલકો સ્લીપ થયા હતાં. ઘટના અંગે નેશનલ હાઈવે 848 વલસાડના અધિકારીનો સંપર્ક કરતા ફોન રિસીવ ન કરતા વધુ વિગતો મળી શકી ન હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીમાં નોટિફાઇડ ઓથોરિટીના પેવર બ્લોક રોડનું કનુભાઈના હસ્તે લોકાર્પણ



વાપી : વાપી ખાતે નેશનલ હાઇવે નંબર 48 ઉપર વૈશાલી ચાર રસ્તા ઉપર વાપી નોટિફાઇડ ઓથોરિટી દ્વારા નવનિર્મિત પેવર બ્લોક રોડનું લોકાર્પણ કેબિનેટ નાણાં અને શેહરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગે વીઆઇએ પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી નોટિફાઇડ ચેરમેન યોગેશભાઈ કાબરીયા, પૂર્વ નોટિફાઇડ ચેરમેન હેમંતભાઈ પટેલ, ચીફ ઓફિસર મહેશભાઈ કોઠારી, મેહુલભાઈ પટેલ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વૈશાલી ચાર રસ્તા પર રૂપિયા 2.33 કરોડના ખર્ચે થયેલ પેવર બ્લોક નું કામ જે ચાર ફેસમાં થવાનું છે જેમાં પહેલા ફેસના કામનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

### વલસાડની કસ્તુરબા હોસ્પિટલમાં અધતન ઇમરજન્સી અને ટ્રોમા યુનિટનું લોકાર્પણ



વલસાડ : વલસાડમાં કસ્તુરબા વૈદકીય રાહત મંડળ સંચાલિત કસ્તુરબા હોસ્પિટલમાં અધતન અને આધુનિક સુવિધાસભર ઇમરજન્સી અને ટ્રોમા યુનિટ, વિસ્તૃત સુપર-સ્પેશિયાલિટી ICU સુવિધાઓ, અધતન યુરો-સર્જરી સાધનો તથા ગુજરાત રાજ્યની પ્રથમ 5G કનેક્ટેડ કાર્ડિયાક અને ટ્રોમા એમ્બ્યુલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સમારંભમાં જિલ્લા કલેક્ટર ભવ્ય વર્મા તેમજ સંગીતા પ્રધાન, ચીફ ફાઇનાન્સ કન્ટ્રોલ એન્ડ એકાઉન્ટિંગ, રિલાયન્સ ફાઉન્ડેશન ઉપસ્થિત રહ્યા હતાં. પ્રમુખ કિરણ દેસાઈએ જણાવ્યું કે, કિડની ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામ, સમર્પિત ઓન્કોલોજી વિંગ (રેડિયેશન અને ન્યુક્લિયર મેડિસિન સાથે), IVF સુવિધા, જનરલ વોર્ડ રિડેવલપમેન્ટ અને બ્લડ સ્ટોરેજ યુનિટ ઉપલબ્ધ કરાશે. આ પરિવર્તન ટેક્નોલોજીનું નથી, આ પરિવર્તન વિશ્વાસ, સમર્પણ અને સમાજના સહયોગનું છે. હોસ્પિટલના સંચાલકોએ જણાવ્યું કે, જ્યાં ઇમરજન્સી, ટ્રોમા, કાર્ડિયાક સર્જરી, યુરોસર્જરી, ન્યુરોસર્જરી, નીઓનેટલ અને ક્રિટિકલ કેર જેવી તમામ સેવાઓ એક જ છત હેઠળ ઉપલબ્ધ છે. કસ્તુરબા હોસ્પિટલ આજે દક્ષિણ ગુજરાતની અગ્રણી સુપર-સ્પેશિયાલિટી આરોગ્ય સંસ્થા બની છે. આ પ્રસંગે ગુજરાત રાજ્યની પ્રથમ 5G કનેક્ટેડ કાર્ડિયાક અને ટ્રોમા એમ્બ્યુલન્સનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. ૧૯૪૪માં સ્થાપિત કસ્તુરબા હોસ્પિટલ, વલસાડ, છેલ્લા આઠ દાયકાથી વધુ સમયથી દક્ષિણ ગુજરાતના લોકોની વિશ્વસનીય આરોગ્યસેવા સંસ્થા તરીકે સેવા આપી રહી છે. 6 પથારીવાળી માતૃત્વ હોસ્પિટલથી શરૂ થયેલી આ સંસ્થા આજે મલ્ટી-સ્પેશિયાલિટી અને સુપર-સ્પેશિયાલિટી કાર્ડિયાક મેડિસિન અને સર્જરી વિભાગ સેન્ટર ઓફ એક્સેલન્સ તરીકે વિકસિત થઈ છે. આ પ્રસંગે સ્વ. અર્જુનભાઈ બલવંતરાય દેસાઈના યોગદાનને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

### ઉનાઈ માતાજીના પાટોત્સવ નિમિત્તે ઉનાઈ ઉત્સવ ઉજવણી




વાંસદા : ઉનાઈ માતાજીના પાટોત્સવ નિમિત્તે ઉનાઈ ઉત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પણ તંત્ર દ્વારા જે તિથિએ મંદીરની પ્રાણપ્રતિષ્ઠા થઇ હતી, તે તિથિએ પાટોત્સવ ઉજવતા નથી. ઉત્સવની વિશેષ આકર્ષણરૂપે માતાજીની ભવ્ય શોભાયાત્રા ડી.જે.ના તાલે ઘરૈયા ટીમ સાથે ગામભરમાં ફરી, જેમાં ભક્તજનો ઉમંગભેર જોડાયા હતા. વિવિધ પ્રકારના લોકનૃત્યો, પરંપરાગત આદિવાસી નૃત્ય પ્રસ્તુતિ અને યુવક-યુવતીઓ દ્વારા રાસ-ગરબા રમાતા ભક્તિમય માહોલ સર્જાયો હતો. ઘણા ભક્તોએ ભવાની માતાજી સહિત વિવિધ દેવી-દેવતાઓની વેશભૂષા ધારણ કરી શોભાયાત્રાની ભવ્યતા વધારી હતી. ઉત્સવ દરમ્યાન વૈદિક વિધિ અનુસાર નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું, સાંજના સમયે રાસ-ગરબાની રમઝટ જામતાં મંદિર પરિસર ભક્તિ અને આનંદથી ગુંજી ઉઠ્યું હતું. ઉપરાંત લોકપ્રિય લોકગાયક ઓસમાણ મીરના ભવ્ય લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, હજારોની સંખ્યામાં ઉપસ્થિત લોકોએ કાર્યક્રમનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમમાં મહાનુભાવો, આગેવાનો તથા મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર આયોજન શાંતિપૂર્ણ અને સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ મંદીરની પ્રાણ પ્રતિષ્ઠા ૨૬-૨-૨૦૧૨ ને ફાગણ માસનાં સાતમનાં દિવસે થઇ હતી. અને મંદીરનું લોકાર્પણ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનાં હસ્તે થયું હતું. ભારતનાં દરેક મંદિરમાં મંદીરની પ્રાણ પ્રતિષ્ઠાની ગુજરાતી કેલેન્ડરની તિથિનાં દિવસે જ પાટોત્સવ ઉજવાતો હોય છે જ્યારે વહીવટી તંત્ર ઉનાઈ માતાજી મંદીરનો પાટોત્સવ અનુકૂળતાએ ઉજવી દે છે. આ વર્ષે પાટોત્સવ રવિવાર ફાગણ સુદ પાંચમનાં દિવસે ઉજવી દીધો હતો.

### વાપી ડુંગરામાં ટેમ્પો અડફેટે યુવકનું મોત

વાપી: વાપી ડુંગરા સેલવાસથી વાપી આવતા માર્ગ ઉપર ટેમ્પો અડફેટે યુવકનું મોત નીપજયું હતું. પારડીના કુંભારીયા, સતી ફળિયામાં વિલાશ હરીશભાઈ હળપતિના કાકાનો દિકરો ઉમેશ અમરતભાઈ હળપતિ (ઉં.વ.31) વાપી ડુંગરામાં આવેલા વોશિંગ સેન્ટરમાં ગાડી ધોવાનું કામ કરે છે. વોશીંગ સેન્ટરના માલિક ઘરે આવ્યો હતો અને જણાવ્યું કે, ગત તા.3-2-26 ના રોજ બપોરે ડુંગરા સ્થિત આસ્થા બિલ્ડિંગની સામે, સેલવાસથી વાપી આવતા માર્ગ પર ટેમ્પો સાથે ઉમેશનું એક્સિડન્ટ થયું છે અને તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેને 108 એમ્બ્યુલન્સ દ્વારા સેલવાસની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયો હતો જયાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ વિલાશ હળપતિએ વાપી ડુંગરા પોલીસ મથકે ટેમ્પોચાલક સામે કરી હતી.

### મલવાડાના ચોસઠ જોગણી માતાના મંદિરના નવમા પાટોત્સવની ઉજવણી



ઘેજ : ચીખલી નજીકના મલવાડામાં કાવેરી નદી કિનારે પૌરાણિક ચોસઠ જોગણી માતાના નૂતન મંદિરના નવમા પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મલવાડા ગામે પૌરાણિક ચોસઠ જોગણી માતાના નૂતન મંદિરના નવમા પાટોત્સવ નિમિતે વહેલી સવારથી જ ભુદેવોના મંત્રોચ્ચાર નવચંડી યજ્ઞનો પ્રારંભ કરાયો છે. જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાઇને આહુતિ આપી હતી. પાટોત્સવ નિમિતે માતાજીના મંદિરમાં ભક્તોની ભીડ સાથે અનેક ભક્તોએ માતાજીની પૂજા અર્ચના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. તથા મહાપ્રસદનો પણ હજ્જારોની સંખ્યામાં ભક્તોએ લાહવો લીધો હતો. પાટોત્સવની ઉજવણી દરમ્યાન ભજન મંડળી દ્વારા ભજનોની રમઝટ જમાવી હતી.